ગાંધીનગર સમાચાર

# ચિલોડામાં માને કાંધે લઈ અગ્નિદાહ આપી ત્રણ દીકરીઓએ ઋણ ચુકવ્યું

## કેન્સરગ્રસ્ત માતાની આકરી સેવામાં દીકરીઓએ દીકરાની ફરજ બજાવી, માંના મૃત્યુથી કાળજુ કંપાવી નાખે તેવું દીકરીઓનું હૈયાફાટ રૂદન, સમાજને નવો રાહ ચિંધ્યો

ગાંધીનગર, તા.૩૧

'જનની જોડ સખી નહીં જડે રે લોલ...' કે 'માં તે માં બીજા બધા વનવગડાના વા.' જેવી કહેવતને સાર્થક કરતો એક કિસ્સો ચિલોડામાં બન્યો છે. ખેતી ઉપર નભતા પટેલ પરિવારમાં ત્રણ દીકરીઓ સંતાનમાં છે. દીકરાની અપેક્ષા રાખ્યા સિવાય આ પરિવારની મોભી એવી માંએ દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવી સારા ઘર અને જમાઈ શોધી સાસરે વળાવી દીધી હતી. બાદમાં અચાનક માંને કેન્સરનું નિદાન થતાં પરિવાર ઉપર આભ તુટી પડ્યું. પરંતુ દીકરીઓ દીકરા સમાન બની માંની ખર્ચાળ અને આકરી સેવા ઉપાડી લીધી હતી. પરંતુ અથાક પ્રયત્નો અને તનતોડ મહેનતના અંતે પણ માંએ આ દુનિયામાંથી વિદાય લઈ લીધી. દીકરીઓ એ આવી પડેલી આ દુઃખક ક્ષણને અપનામી માંને કાંધે લઈ અંતિમ ધામે અગ્નિદાહ આપી પોતાનું ઋણ અદા કરી દીકરાની ફરજ નિભાવી સમાજને નવો રાહ ચિંધ્યો હતો.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મળેલ વિગતો મુજબ ચિલોડામાં રહેતા અમરીશભાઈ પટેલ ખેતીના વ્યવસાય ઉપર નભતા હતા. જેઓની ધર્મપત્ની કૈલાસબેન (ઉ.વ.૫૫) પણ પતિના વ્યવસાયને અપનાવી જીવન હંકારતા હતા. સુખી દાંપત્ય જીવનમાં બે જોડકી દીકરીઓ અને એક અન્ય દીકરી તરીકે આ પરિવારમાં જન્મ થયો હતો. કૈલાસબેન ભક્તિભાવ વાળા તેમજ સંતાનો પ્રત્યે ઊંચી ભાવના રાખવાવાળા હતા. જેથી તેઓ એ ત્રણેય દીકરીઓ અલ્પાબેન, અંજુબેન અને આશાબેનને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો અને સંસ્કારી ઘર શોધી સાસરે વળાવી હતી. છેલ્લા દોઢ વર્ષથી કેન્સરનું કૈલાસબેનને નિદાન થતાં સૌ કોઈ હતપ્રત બની ગયા હતા. જેમાં દીકરીઓ અને જમાઈઓ ખડેપગે રહી માંની તનતોડ સેવા કરતા હતા. અને કૈલાસબેનને દીકરાની કમીનો અહેસાસ પણ આવતા દેતા ન હતા.

દરમિયાન અથાગ પ્રયત્નો અને ખર્ચાળ સારવારના અંતે કૈલાસબેનનું મૃત્યુ થયું હતું. માંના મોતનાં સમાચારે ત્રણે દીકરીઓએ હૈયાફાટ રૂદન કરી હાજર સૌના કાળજા કંપાવી નાખ્યા હતા. મન મક્કમ કરી દીકરીઓએ અંતિમયાત્રાએ લઈ જવા કાંધ આપી અને મુક્તિધામમાં અગ્નિદાહ આપી દીકરાની ફરજ નિભાવીને માંનું ઋણને અદા કર્યું હુતં. દીકરીઓને દીકરા સમાન ગણી કેળવણી આપી ભણાવ્યા હતા જેથી આ કિસ્સો સમાજને રાહ ચિંધનારો બન્યો છે. જો કે દીકરીઓએ મા-બાપની સેવા કરવામાં કયારેય પાછી પાની ખરી નથી અને માબાપને દીકરો ન હોવાનો વસવસો પણ થવા દીધો નથી. વધુમાં કૈલાસબેનના મૃત્યુથી અમરીશભાઈ તુટી ગયા છે. પરંતુ બાપને સહારો આપવા વચોટ દીકરી અંજુની તૈયારી છે પરંતુ પતિ-પત્ની ભાવનગર તથા અમરેલી જિલ્લામાં અલગ-અલગ પ્રાથમિક શિક્ષકો તરીકે ફરજ બજાવે છે. જેમને સરકાર ખાસ કિસ્સામાં ગાંધીનગર તાલુકામાં બદલી કરે તેવું સમાજ અને ગામ ઈચ્છે છે. દીકરા-દીકરી એક સમાનની સરકાર દ્વારા થતી પ્રસ્તાવના આ કિસ્સામાં ઉજાગર કરી છે.



## યુવાનોનું 'છેલ્લો દિવસ' જય હો...!!!

વર્ષ ૨૦૧૫ના છેલ્લા દિવસે 'જય હો' ગ્રુપ દ્વારા કૈલાસધામ વૃદ્ધાશ્રમમાં રહેતા બધા જ વડીલોને પોતાની બચતમાંથી આજે બપોરનું ભોજન આપ્યું હતું. તેમજ ગ્રુપ દ્વારા એક સંકલ્પ કરવામાં આવ્યો હતો કે વર્ષના છેલ્લા દિવસે અહીં જ આ વડીલોને એમના છોકરાઓની જેમ દર વર્ષે ભોજન કરાવીશું. આજ રોજ ૧૧૦ જેટલા વૃદ્ધોનો જમણવાર થયો હતો. જય હો ગ્રુપના આ પ્રસંશનીય સેવાકાર્યથી વડીલોના ચહેરા ખીલી ઉઠ્યા હતા અને તેમણે યુવાનોને આશીર્વાદ આપ્યા હતા.

# વર્ષ ૨૦૧૫ની વ્હોટ્સ એપ પર 'ટીખળી' વિદાય

ગાંધીનગર, તા.૩૧

આખરે વર્ષ ૨૦૧૫ વિદાય થઈ ગયું. કેટલી બધી અવિસ્મરણીય ઘટનાઓ આ વર્ષમાં બની. આ વર્ષે સોશ્યિલ મીડિયા વધુ અસરકારક અને ઝડપી માધ્યમ તરીકે ઉભરી આવ્યું જેમાં વ્હોટ્સએપે યુવાનોમાં રીતસરનો ક્રેઝ ઊભો કર્યો છે. હવે નાની મોટી તમામ બનતી ઘટનાઓ કે ના બનતી ઘટનાઓ પણ વ્હોટ્સએપ અને ફૅસબુક જેવા સોશ્યિલ મીડિયા પર દર સેકન્ડે ફલેશ થતી રહે છે. દિવસનો ઘણો બધો સમય નેટસેવી યુઝર્સ માત્ર સોશિયલ મીડિયા પાછળ ખર્ચી નાંખતા જોવા મળી રહ્યા છે. વર્ષના અંતિમ દિવસો પણ સોશ્યિલ મીડિયાએ ૩૧મી ડિસેમ્બરે રમૂજ અને વૈવિધ્યભરી વિદાય અર્પિત કરી હતી તેની થોડીક ઝલક :

● આજ રાત કો ભારતમેં સબસે જયાદા ઈંગ્લીશ ભાષા બોલી જાયેગી.

● ભારત કે પ્રમુખ તીર્થક્ષેત્ર માઉન્ટ આબુજી કી ઔર બડી સંખ્યા મેં ભક્ત રવાના...

● આજે પ્રધાનમંત્રીશ્રીની યોજનાનો સાચો અમલ થશે... સાંજ પડશે, રાત જામશે, ઢાંકણા ખુલશે અને ઠેર-ઠેર થશે... મન કી બાત...!!!

● છેલ્લો દિવસ ફીવર : ૨૦૧૫ પુરુ થવા આવ્યું તો એ માટે એક વાત કહી દઉં કે અમો એ તમોને ૨૦૧૫માં જો દુઃખ પહોંચાડ્યું કે અમોની વાતથી તમોની લાગણી છીન્નભીન્ન થઈ હોય તો તે બદલ અમો તેમની માફી માંગીએ છીએ.


● આવનારા વર્ષમાં આપનું ઘર સારુ ચાલે... અને એ ઘરમાં આપનું ચાલે... તેવી શુભેચ્છાઓ...

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી




શુભ માલાયોગ થાય છે. શુક્ર - મંગળને ગુરુ સૂર્યનો પરિવર્તન યોગ ઉચ્ચત્વ અપાવે છે. નવું વર્ષ - ૨૦૧૬ - મંગલમય નીવડે.

- **મેષ** રાશિમાં ચંદ્ર - રાહુની યુતિ તેમજ ચોથે સૂર્ય અશાંતિનો ભોગ બનાવે. ધર્મ ધ્યાન કરવું.
- **વૃષભ** સંતાનો તરફથી મિશ્ર ફળ મળે. પ્રશ્નો ઉભા થાય. સાતમે શનિ - પત્નીના પ્રશ્નો ઊભા કરે.
- **મિથુન** કૌટુંબીક પ્રશ્નો ઉકેલવામાં સમય પસાર કરવો પડે. ધન લાભ થાય.
- **કર્ક** ચોથે મંગળ ક્રોધ કરાવે. શાંતિ રાખવી ને સંયમથી દિવસ પસાર કરવો.
- **સિંહ** ધાર્મિક કાર્યો પ્રત્યે વધુ રૂચિ જાગે. સંયમિત રહેવું - ભક્તિ કરવી.
- **કન્યા** રાહુ - ચંદ્ર શારીરિક તંદુરસ્તીમાં વિઘ્ન નાંખે - અસ્વસ્થતા લાવે.
- **તુલા** રાશિમાં મંગળ તામસીપણું લાવે - શાંતિ જાળવવી. સંયમ રાખવો.
- **વૃશ્ચિક** શનિની પનોતીની આડ અસરો શુક્રની હાજરીથી ઓછી થાય. ભક્તિ કરવી.
- **ધન** બારમે શત્રુ રાશિમાં શનિ કુવિચારોનો જન્મ કરાવે - કૌટુંબિક પ્રશ્નો ઊભા થાય.
- **મકર** અગિયારમે શુક્ર આવવાથી શનિની દ્રષ્ટિને કારણે આકસ્મિક ધન લાભ થાય.
- **કુંભ** આઠમે રાહુ - ચંદ્ર તંદુરસ્તીને હાનિ પહોંચાડે. ભક્તિ કરવી.
- **મીન** આઠમે મંગળ - વાગવાથી સાચવવું - દાઝવાથી સાચવવું - ભક્તિ કરવી.

# પેથાપુર નગરપાલિકાના સીમાંકનની વિસંગતતા દૂર નહિ થાય તો કોર્ટમાં જઈશું : કોંગ્રેસ

ગાંધીનગર, તા.૩૧

પેથાપુર નગરપાલિકાના સીમાંકનમાં રહેલી વિસંગતતાઓને દૂર કરવામાં નહિ આવે તો સીમાંકનના મુદ્દે કોંગ્રેસ કોર્ટના દ્વાર ખટખટાવશે.

રાજય ચૂંટણી પંચ દ્વારા સીમાંકનના મુદ્દે રજૂઆતો સાંભળવા બોલાવતાં કોંગ્રેસે પેથાપુર નગરપાલિકાના સીમાંકનમાં ગંભીર ક્ષતિયો રહી હોવાની ઉગ્ર રજૂઆત કરી કોર્ટ સુધી મામલો લઈ જવાની ચીમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર જિલ્લાની પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી આગામી દિવસોમાં યોજાવા જઈ રહી છે ત્યારે રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવી હતી. જેમાં પેથાપુર શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના પ્રાથમિક આદેશો કરવામાં આવ્યા હતા. જે બાબતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને પેથાપુર શહેર કોંગ્રેસ દ્વારા વાંધા સૂચનો રજૂ કરી પેથાપુર શહેરના વોર્ડોનું સીમાંકન નવેસરથી કરવા જિલ્લા કલેકટરને રજૂઆત કરતા જણાવ્યું હતું કે પ્રાથમિક આદેશોમાં ભૌગોલિક પરિસ્થિતિ, જાહેર માર્ગ, નગરના મુખ્ય માર્ગો, ક્રમમાં આવતા વસ્તીના બ્લોક નંબર ઉપરાંત સીમાંકન અંગેના નીતિ નિયમો અને જોગવાઈઓ પ્રમાણે વોર્ડ રચના કરવામાં આવી નથી. પરંતુ અમૂક સ્થાપિત હિત ધરાવતા આગેવાનો માટે જીતવા માટે અનુકૂળતા કરી આપવાના હેતુ સબબ થઈ હોવાનું જણાય છે. જેથી આ બાબતે નિષ્ણાત, હોંશિયાર, પ્રામાણિક અને નીતિ નિયમોની યોગ્ય સમજ ધરાવતા અધિકારી-કર્મચારી દ્વારા પેથાપુર નગરપાલિકાની વોર્ડ રચના યોગ્ય રીતે નવેસરથી કરવા જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેકટરને લેખિત રજૂઆત કરી છે.

વધુમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા થયેલ રજૂઆતના મુદ્દાઓની વિગત આપતા જણાવ્યું છે કે પ્રાથમિક આદેશોમાં વોર્ડ નંબર ૧, ૨ અને ૩ માં અનેક પ્રકારની ક્ષતિઓ જણાઈ છે જેમાં તંત્ર દ્વારા બનાવેલ વોર્ડનો નકશો અને વોર્ડ રચનામાં સમાવિષ્ઠ વિસ્તારનાં વર્ણનમાં કોઈપણ પ્રકારનો તાલમેલ બેસતો નથી. ઉપરાંત એક જ વોર્ડમાંથી ચોક્કસ વસ્તીના બ્લોકને પોતાના વોર્ડમાંથી ખસેડીને ત્રણ કિલોમીટર દૂર અન્ય વોર્ડમાં જોડી દીધા છે. જેની તંત્ર દ્વારા યોગ્ય સ્પષ્ટતા થવા જિલ્લા કોંગ્રેસે માંગણી કરી છે. ઉપરાંત અમૂક વિસ્તારનું વર્ણન કોઈ ચોક્કસ વોર્ડમાં કરેલ છે પરંતુ વાસ્તવિક રીતે તે વિસ્તાર છૂપી રીતે અન્ય કોઈ વોર્ડમાં જોડી દીધા છે જે ફક્ત ઘર નંબર જોવાથી જાણી શકાય છે આમ સમગ્રતયા પેથાપુર નગરપાલિકાનું સીમાંકન પ્રથમ દ્રષ્ટીએ જોતા પેથાપુર નગરપાલિકાના કર્મચારી, અધિકારી અને વર્તમાન ભાજપના સત્તાધીશો દ્વારા મિલીભગત કરીને તોડ-મરોડ કરી હોઈ તેવું જણાય છે. જે બાબતથી જિલ્લા વહીવટી તંત્ર અજાણ હોય તેવું જણાય છે.જો આજ સીમાંકન યથાવત રહેશે તો મતદાર યાદીમાં પણ ગંભીર ક્ષતિઓ અને છબરડાઓ થવાની દહેશત જણાય છે. જેથી જિલ્લા કલેકટર દ્વારા પેથાપુર નગરપાલિકાના વોર્ડ રચના-બેઠકોની ફાળવણી અંગે વિશેષ ધ્યાન આપી મુક્ત, ન્યાયી અને તટસ્થ ચૂંટણી માટે નવેસરથી વોર્ડ રચના કરવા જિલ્લા કોંગ્રેસે રજૂઆત કરી છે. બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવેતો ગંભીર ક્ષતિઓ અને છબરડાઓ વાળી વોર્ડ રચના બાબતે નામદાર હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવશે તેવું જિલ્લા કોંગ્રેસે જણાવાયું છે.

## નિખાલસ વાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંગત કરી છે. હમણાં જુલાઈમાં છેલ્લી ગુરૂપૂર્ણિમા વખતે જ મુંબઈમાં ફઝલ કુરેશી અને ઉસ્તાદ ઝાકીર હુસેનની ઉપસ્થિતિમાં તેમણે અદભૂત પ્રસ્તુતિ કરી હતી. તેઓ કહે છે કે, 'હું નશીબદાર છું કે, મને આ ક્ષેત્રોના વિધ્વાનોનું સાંનિધ્ય સાંપડયું છે. રિયાઝની સાથે સાથે દિગ્ગજોને સાંભળવા મળે તો ઘણું શીખવાનું મળે છે. માત્ર ૪૫ મિનિટના વર્ગમાં તો થોડું જ શિખવી કે શિખી શકાય. શિખવા સાથે સાંભળવા પણ મળે તો ઘણું નવું નવું જાણવાનું મળે છે.'

તબલાંવાદન...પ્રશિક્ષણ.. ઘર... બધું કેવી રીતે સંભાળી શકાય છે? એક મલ્ટીટાસ્કીંગ વૂમન તરીકે કેવો અનુભવ છે...? આ પ્રશ્નનો ખૂબ જ નિખાલસતાથી જવાબ આપતાં સુશ્રી હેતલ મહેતા જોષી કહે છે, 'હું બણગા નહીં મારું કે હું મલ્ટી ટાસ્કીંગ વૂમન છું. હું ઘરકામ નથી કરતી. ઈનફેકટ નાનપણથી અત્યાર સુધી ઘરકામ કરવું જ નથી પડયું. હવે સંદીપ જેવો પતિ મળ્યો છે, એટલે નશીબદાર છું. હું માત્ર તબલાં અને 'સપ્તક'ની કામગીરી પર જ ધ્યાન કેન્દ્રીત કરું છું. પરન્તુ હું આજની નારીઓને એ ચોકકસ કહીશ કે, તમારી અંદર જે પણ શોખ હોય, જે પણ આગ હોય તેને જલતી રાખવા હંમેશા પ્રયત્નશીલ રહેજો. સ્ત્રી હોવું કે પુરૂષ જેન્ડર મહત્વની નથી.'

સંગીતને કારકિર્દી તરીકે પસંદ કરવા અંગે સુશ્રી હેતલ મહેતા જોષી ચેતવણીના સૂરમાં કહે છે કે, 'પરફોર્મિંગ આર્ટસ ખૂબ જ અનિશ્ચિતતાથી ભરેલું ક્ષેત્ર છે. અહીં સ્થિર અને નિયમિત આવકની સંભાવના નથી. એટલે ભણવાનું છોડીને હું સંગીતના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાના પક્ષમાં નથી, હા, તમારામાં એકસ્ટ્રા ઓર્ડીનરી આવડત હોય તો જ પડવા જેવું છે. બાકી આજકાલ રિયાલીટી શૉની ચમક દમકથી અંજાઈ જઈને છ-આઠ વર્ષ છવાયેલા રહેવાય પછી એ કલાકારો કયાં ગૂમ થઈ જાય છે એ પણ કોઈ જાણતું નથી. આવી પરિસ્થિતિ નાસીપાસ કરે છે. મોટા થઈને શોખ તરીકે સંગીત શીખી શકાય, પરન્તુ મોટા થયા પછી ભણવા માટે પાછો યુ-ટર્ન નહીં લઈ શકાય...'

'સપ્તક સંગીત સમારોહ' વિષે સુશ્રી હેતલ મહેતા જોષી કહે છે કે, "સપ્તક'નો હેતુ શુધ્ધ છે એટલે આ પ્રવૃત્તિને લોકોનું પ્રોત્સાહન મળી રહ્યું છે. અહીં આવતા દિગ્ગજ કલાકારો વ્યવસાયિક ધોરણે નથી આવતા... ઈન્ટરનેટના યુગમાં પણ યુવાનો શાસ્ત્રીય સંગીત પ્રતિ આકર્ષાયેલા રહ્યા છે અને વધુને વધુ યુવાનો આ ક્ષેત્રમાં આવી રહ્યા છે એ આનંદની વાત છે.'

સુશ્રી હેતલ મહેતા જોષી અંતમાં ઉમેરે છે, 'લોકપ્રિયતા ક્ષણિક આનંદ આપે, બાકી તો તમારા કામનો સંતોષ જ તમને સાચો આનંદ આપી શકે છે. તમને ભલે લોકપ્રિયતા મળી જાય, પરન્તુ તમારા કામથી તમે જ સંતુષ્ટ નહીં હો તો એવી લોકપ્રિયતા તમને આનંદ નહીં આપી શકે.'

મુલાકાત : નિહાર મહેતા
આલેખન : હિરેન ભટ્ટ

## પાણી પુરવઠો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તીખી ટકોરને કારણે તંત્રમાં સન્નાટો છવાઈ ગયો હતો. વોર્ડના કાચની સફાઈ બરાબર ન થતી હોવાનું જોઈ તેમણે લખી નારાજગી વ્યક્ત કરી હતી. સાતમા અને ૮મા મજલે નિયમિત અને સમયસર પાણીનો પુરવઠો મળે તે માટે તેમણે અત્યંત કડક તાકીક કરી જણાવ્યું છે કે જરૂરિયાતના સમયે જ પાણી ઉપલબ્ધ ના હોય તે દુઃખદ છે.

તેમણે સોલાર હીટર સિસ્ટમ લગાવી દીધા બાદ હજુ તેના જોડાણ નહી કરાતાં પી.આઈ.યુ.ના ઉદાસીન વલણ અંગે નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે શિયાળો જશે તે પછી જોડાણ કરીશું કે શું ?

## તલાટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામને ૧૫ દિવસ એટલે કે ૩૧ ડિસેમ્બર સુધીની તારીખ આપવામાં આવી હતી.

જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસથી લઈ છેલ્લી તારીખ સુધી એટલે કે ૧૫ દિવસમાં રાજય ભરમાંથી ૧૨ લાખ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. રાજયમાં પ્રથમવાર આટલા બેરોજગાર યુવાનોએ ઉમેદવારી નોંધાવી છે. જયારે ગુજરાત ગૌણ સેવા મંડળે પણ યુવાનોની આટલી મોટી સંખ્યાને ધ્યાનમાં રાખી તમામ જિલ્લામાં શાળા-કોલેજમાં પરીક્ષા માટે તૈયારીઓ દર્શાવી છે. બીજી તરફ રાજયભરમાં પ્રથમવાર આટલ મોટી પરીક્ષાનું આયોજન કરવા એક જ સમયે ૧૨ લાખ ઉમેદવારોની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા કરાવવી ખરેખર એક મોટી ચેલેન્જ સાબિત થશે. મંડળે પણ આ ચેલેન્જ ઉપાડી તેને પૂર્ણ કરવા તમામ તૈયારીને આખરી ઓપ આપી દીધો છે.

## શિલાન્યાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેશે. સુપર હાઈવે દિલ્હીના નિઝામુદ્દીનથી શરૂ થઈને દાસના થઈને મેરઠ સુધી બનશે. આ માર્ગમાં ૭ લેન એકસપ્રેસ વેના રહેશે. બંને બાજુ ચાર ચાર લેનના હાઈવે રહેશે. આને લોકો ગાઝિયાબાદ, ઈન્દ્રાપુરમ નોઈડા જવા માટે કરી શકશે. હાઈવેની બંને બાજુ સાયકલ માટેની લેન પણ બનશે. વડાપ્રધાને આ પ્રસંગે કહ્યું હતું કે, સંસદમાં કામગીરી યોગ્યરીતે ચાલે તેની ખાતરી કરવાની જવાબદારી કોંગ્રેસની પણ છે. કારણ કે ૭ દશકથી વધારે સમય સુધી કોંગ્રેસના લોકો સત્તાસુખમાં રહ્યા છે જેથી એવા લોકોની જવાબદારી વધારે છે જે લોકો ૬૦ વર્ષ સુધી શાસન કરી ચુક્યા છે. રાજકીય કારણોથી દેશના વિકાસની કામગીરીમાં અડચણ ઉભી ન થાય તે ખુબ જરૂરી છે. મોદીએ ન્યુયર ગિફટ તરીકે દિલ્હી-મેરઠ હાઈવેની શિલાન્યાસ વિધિ કરી હતી. આનાથી દિલ્હી-યુપી સહિત ત્રણ રાજયને ફાયદો થશે.

## એ-વન ગ્રેડમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છબરડા હોવાનું પ્રકાશમાં આવતા બોર્ડ દ્વારા આજે સુધારણાના અંતે પુનઃ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંથી ૬૧૯૮ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી હતી. જયારે આ પૈકી ૧૧૪ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે ૪૫૯ને એ-ટુ ગ્રેડ મળ્યો હતો આ ઉપરાંત ૬૯૯ વિદ્યાર્થીઓ બી-વન અને ૧૧૦૪ બી-ટુ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા હતા. ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૪૪૧૩ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી હતી. જયારે આ પૈકી ૧૦૩ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો હતો. જયારે ચાંદખેડા કેન્દ્રમાંથી ૬૭૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પૈકી ૬ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. કલોલ કેન્દ્ર પરથી પણ ૭૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પૈકી ૪ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તિર્ણ થયા હતા. જયારે માણસા કેન્દ્રમાંથી ૩૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર એક જ વિદ્યાર્થીને એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું હતું. બોર્ડ પરિક્ષા દરમિયાન રાજયમાં ગેરરિતીના ૧૭ કેસ દાખલ થયા હતા જેમાં ૨ વિદ્યાર્થીનું એક વિષયનું પરિણામ ૨૬ કરવામાં આવ્યું છે જયારે ૧૫ વિદ્યાર્થીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

## આવક મેળવશે....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપા દ્વારા આવકના સ્ત્રોતો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આજે મળેલી સ્થાયી સમિતિએ રંગમંચોના ભાડા-વધારાની દરખાસ્તને પણ મંજૂરી આપી દીધી હતી. આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકે કાઉન્સીલર સંદીપ જયોતિકરે સિનિયર સિટીઝન પાર્ક સે.૨૪ અને ૨૫માં બનાવવા માટે રજુ કરેલી દરખાસ્ત પણ સરકારને મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજની મનપાની સ્થાયી સમિતિએ બાયોગેસ પ્લાન્ટ માટે એક જ ટેન્ડર આવતાં રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય કર્યો છે. સે. ૨૧માં ઓટોમેટેડ વેસ્ટ પ્લાન્ટ નાખવામાં સરકાર જ પૈસા ફાળવે તો જ કામગીરી કરવાનો પણ મહત્વનો નિર્ણય કર્યો હતો.

મનપાની સ્થાયી સમિતિએ ટેક્ષ કલેકશન માટે વાન ખરીદવા તેમજ મોબાઈલ કોર્ટ માટે ૨૦૧૨ની પડતર દરખાસ્ત પર સરકારની મંજૂરી મળે તો તે માટે વાન ખરીદવાની કાર્યવાહી કરવાની સત્તા પણ કમિશનરને આપવાનો નિર્ણય કરેલ છે. સે.૩૦ માં સ્મશાન ગૃહ નજીક કોટવાડા માટે ફાળવેલ જગ્યા પર તે બનાવવા માટે ૫૦ લાખના ખર્ચને ધ્યાને રાખીને નવા બજેટમાં દરખાસ્ત લઈ આવવા કમિશનરને સુચવવામાં આવ્યું છે.

## તન-દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

પ્રેમથી પેંડો ખવડાવ્યો પછી ડો. નરેશભાઈ એ પ્રફૂલમાં રસ લીધો.અને તેને લોહી કઈ રીતે લેવું તેનું પદ્ધતિસર જ્ઞાન આપ્યું.અને પેશન્ટ પર પ્રેક્ટીકલ કરીને બતાવ્યું ત્યારથી છેલ્લા આંઠ વર્ષ થી પ્રફુલ લોહી લે છે અને લોકો આનંદ થી આપે છે અને લોકો VISIT માટે ખાસ પ્રફુલ નોજ આગ્રહ રાખે છે.એવું ભાગ્યેજ બને કે પ્રફુલ ને બે વાર પ્રિક કરવી પડે.

ડો.નરેશભાઈ લેબોરેટરી માં બ્લડ કલેક્સન એ અગત્યનો ભાગ ભજવે છે ?નરેશભાઈ બોલ્યા," બ્લડ કલેક્સન પરજ સારા અને સાચા રિપોર્ટ નો આધાર રહેલો છે. અલગ અલગ ટ્યુબ માં લોહી લેવાનું હોય છે અને માત્રા પણ નિશ્ચિત હોય છે.જેમ કે......

(૧) HBTCDC ESR - PURPLECAP વાળી ટ્યુબ (EDTA) (૨) LIPID PROFILE (ચરબી માટે) - GREEN CAP વાળી ટ્યુબ અથવા RED CAP વાળી પ્લેન,SGPT (લીવર માટે) - GREEN CAP વાળી ટ્યુબ HEPARIN અથવા RED CAP CREATININE (કીડની માટે) - GREEN CAP વાળી ટ્યુબ HEPARIN અથવા RED CAP (૩) PROTHROMBIN માટે - વાદળી ટ્યુબ (CITRATED) (૪) FBS,PPBS,RBS - GREY CAP (flouride) વાળી ટ્યુબ

નરેશભાઈ લોહી લેવાની પદ્ધતિ ને મેડીકલ ભાષા માં શું કહેવાય? નરેશભાઈ બોલ્યા "phlebotomy procedure" (ફલેબોટોમી ) અને લોહી લેવા આવનાર ભાઈ ને phlebotomist (ફ્લેબોટોમીસ્ટ) કીન્નરભાઈબોલ્યા,નરેશભાઈ તમે ભણેલાગણેલા માઈક્રોબાયોલોજીસ્ટ સિસ્ટર કે બ્રધર ને લોહી લેવા કેમ નથી મોકલતા.અને આવા અભણ ને કેમ તૈયાર કરો છો.નરેશભાઈ બોલ્યા કીન્નરભાઈતમારી વાત એકદમ સાચી.અમને પણ આ વાત નું દુખ છે.પણ ગમે તેટલો સારો પગાર અને વિઝીટ આપ્યા પછી પણ આ લોકો વિઝીટ જવા માટે તૈયાર નથી.પહેલા જે લોકો લેબોરેટરી ના આવી શકતા હોય એમને અમે ફ્રિ માં (વિઝીટ ચાર્જ ના લઈને ) સેવા આપતા.હવે આ સર્વિસ નો ઉપયોગ ખુબ વધી ગયો છે.માટે અમારે વિઝીટ ચાર્જ લઈને આ સેવાઓ પૂરી પાડવી પડે છે.લોહીની વાત તો જવા દો લોહી કોઈ લઈ ના શકે માટે બોલાવતા હોય પણ માત્ર પેશાબ નો રીપોર્ટ હોય કે ઝાડા નો ટેસ્ટ હોય તો પણ લોકો ઘરે બોલાવે છે અને એમ પણ કહે છે કે અમે વિઝીટ ચાર્જ આપવા તૈયાર છીએ. તો તમારે સેવા આપવીજ પડે.આમાંથીજ ટ્રેઈન ફલેબોટોમીસ્ટનો જન્મ થયો છે.કીન્નરભાઈ બોલ્યા "નરેશભાઈ આવનાર ફલેબોટોમીસ્ટ સર્ટિફાઈડ છે એ કેવી રીતે ખબર પડે ?ડો નરેશભાઈ બોલ્યા,કીન્નરભાઈહવે પેથોલોજીસ્ટ અસોસીએસન તરફ થી પણ આ ટ્રેઈનીંગ આપવામાં આવે છે, પરિક્ષા પણ લેવા માં આવે છે એમ છતાં પણ જે લેબોરેટરી હોય તે પોતે પણ આ રીતે સેલ્ફ સર્ટિફાઈડ કરી શકે છે. કીન્નરભાઈ એ કહ્યું, ડો સાહેબ આ દુઃખની બાબત નથી!! કે બ્લડ ટેસ્ટ જેવા સેન્સેટીવ પ્રોસીજર માં તમે ૧૦-૧૨ પાસ છોકરાઓ ને મોકલો છો...હા કિન્નર ભાઈ તમારી વાત સાચી છે પણ આ વાત ટેકનીકલ છે જેમાં મેડીકલ નોલેજની સાથે સાથે અનુભવ પણ એકદમ અગત્ય નો છે. ઘણી વખતે એવું બને છે કે ક્વૉલિફાઈડ M.D.PATHOLOGIST પણ બ્લડ ના લઈ શકે ત્યારે પ્રફુલ જેવો છોકરો આરામથી બ્લડ લઈ આવે છે પણ ટેસ્ટ કરાવનાર વ્યક્તિ એ આવનાર વિઝીટ બોય પાસે થી સટીફીકેટ માંગવુ જ જોઈએ.જેથી લોહી નો નમુનો બરાબર ટ્યુબ માં, યોગ્ય માત્રામાં લેવાય અને નામ, નંબર, ઉમર, ડો.નું નામ અને સમયની બરાબર નોંધ થાય.

અનુભવ એ ઉત્તમ શિક્ષક છે ઘણા ઓછા ભણતર પછી પણ રાજય ના C.M (ચીફ મીનીસ્ટર) થયા છેP.M થયા છે,રાષ્ટ્રપતિ થયા છે, સારા બીઝ્નેસ મેન થયા છે અને સારા સંતો-મહંતો...

## સફાઈ કામદારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત સફાઈ કામદારોને સસ્તા ભાવે રૂા. ૨૦૦ ની મર્યાદામાં નાસ્તો આપવા તથા ઉનાળાની સિઝન સિવાય પ્રોત્સાહન રુપે ચા-બિસ્કીટ આપવાનો પણ નિર્ણય કરેલ છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે ગાંધીનગર મહાનગરપાલિકાની ટેકનીકલ તેમજ નોન ટેકનીકલ કામગીરી માટે હાલમાં કાર્યરત ૬૮ જેટલા કર્મચારીઓને ૧૧ માસના કરાર આધારિત નિમણુંક આપવા સરકારમાં ભલામણ કરી મંજૂરી મેળવવાની શરતે કમિશનરને ભલામણ કરવામાં આવેલ છે.

**વાહનના નિકાલ માટે જાહેર ટેન્ડર કમ હરાજી**

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેકટર-૧૮, ગાંધીનગર હસ્તકની ટાટા સુમો ગાડી નં. જીજે-૧૮-જી-૧૦૩૧, મોડલ-૧૯૯૯ (ડિઝલ) તથા મૂલ્યાંકન નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની ટોયોટા ક્વૉલીસ ગાડી નં. જીજે-૧૮-જી-૧૪૪૭ના નિકાલ માટે તા. ૧૨/૧/૨૦૧૬ના રોજ બપોરના ૧૩-૦૦ કલાકે કચેરીમાં ટેન્ડર કમ હરાજી રાખવામાં આવેલ છે. ટેન્ડર કમ હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ તે જ દિવસે ૧૨-૦૦ કલાક સુધીમાં ડીપોઝીટ પેટે રૂ. ૫૦૦૦/- બંને ગાડીઓના અલગ અલગ આ કચેરીની હિસાબી શાખામાં ભરવાના રહેશે. ટેન્ડર કમ જાહેર હરાજીની શરતો અને બોલીઓ કચેરીમાંથી કામકાજના સમયે મેળવી લેવા વિનંતી છે.

સંયુક્ત નિયામક (પીએલએમ-૫)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

માહિતી/૨૧૯૮/૨૦૧૫-૧૬